AtlantiCare

<table>
<tr><th colspan="3">નીતિ અને કાર્યપદ્ધતિ</th></tr>
<tr><td>વિષયઃ<br>બિલ અને વસૂલાત નીતિ</td><td>શ્રેણીઃ</td><td>દર્દીના અધિકારો અને સંસ્થાકીય</td></tr>
<tr><td>સુવિધાનો અવકાશઃ<br>ARMC સ્થળો:<br>Mainland Campus, Pomona, NJ,<br>Atlantic City Campus, Atlantic City, NJ,<br>Health Plex Atlantic City, NJ,<br>Cancer Center Institute, Egg Harbor Township, NJ,<br>Cancer Center Institute, Cape May Courthouse, NJ,<br>Wound Care, Egg Harbor Township, NJ,<br>Wound Care, Hammonton, NJ,<br>Adult Partial Care, Pomona, NJ,<br>Child Partial Care, Egg Harbor Township, NJ,<br>Satellite Emergency Department, Hammonton, NJ.</td><td>વિભાગઃ</td><td>નાણા</td></tr>
</table>

હેતુઃ નાણાકીય સહાય નીતિ (#860) અને ઇમરજન્સી મેડિકલ સ્ક્રીનિંગ, સ્ટેબિલાઇઝિંગ ટ્રીટમેન્ટ, ટ્રાન્સફર અને EMTALA નીતિને અનુરૂપ ઑન કોલ રોસ્ટરની સાથે આ નીતિનો ઉદ્દેશ લાગુ પડતા ફેડરલ, સ્ટેટ અને સ્થાનિક કાયદાની જરૂરિયાતો સંતોષવાનો છે, મર્યાદા વગર 1986ના ઇન્ટર્નલ રેવન્યૂ કોડની કલમ 501(r) સહિત, સુધારા અને તેના અમલીકરણ નિયમનો મુજબ. આ નીતિ એટલાન્ટિકેર રીજનલ મેડિકલ સેન્ટર (ARMC) દ્વારા પૂરી પાડવામાં આવતી તબીબી સંભાળની બિનચૂકવણીના કિસ્સામાં ક્યા પગલાં ભરવા તે કહે છે.

**વ્યાખ્યાઓઃ**

**ઇમરજન્સી સંભાળ**- તબીબી સંભાળ કે જે ARMCની નાણાકીય સહાય નીતિ (#860) હેઠળ નાણાકીય સહાય માટેની લાયકાતને ધ્યાનમાં લીધા વગર વ્યક્તિને ઇમરજન્સી મેડિકલ ટ્રીટમેન્ટ એન્ડ એક્ટિવ લેબર એક્ટ ("EMTALA")ને અનુરૂપ આપવાની છે. ખાસ કરીને, આમાં કોડ ઑફ ફેડરલ રેગ્યુલેશન્સ (અથવા કોઇ અનુગામી નિયમનો)ના ટાઇટલ 42ના ચેપ્ટર IVના સબચેપ્ટર G, Treas. Reg. 1.501(r) – 4(c)(3), અને N.J.A.C. 8:43G-12.7 અંતર્ગત પૂરી પાડવામાં આવતી સેવાઓનો સમાવેશ થાય છે.

**અસાધારણ વસૂલાત પગલાં** (ECAs) – નીચે વ્યાખ્યાયિત કરેલા કોઇ પણ પગલાં કે જે તબીબી સંભાળ માટેના બિલની ચૂકવણી મેળવવા માટે ARMS દ્વારા વ્યક્તિ સામે ભરવામાં આવે છેઃ

1. વ્યક્તિના દેવાનું બીજા પક્ષને વેચાણ અથવા તબદીલી;
2. ગ્રાહક ધિરાણ નોંધણી એજન્સીઓ અથવા ધિરાણ સંસ્થાઓને પ્રતિકૂળ માહિતી નોંધાવવી;
3. અગાઉ પૂરી પડાયેલી સેવાની બિનચૂકવણીને કારણે તબીબી રીતે આવશ્યક સેવા પૂરી પાડતા પહેલાં ચૂકવણી મુલતવી રાખવી, ઇનકાર કરવો કે માંગ કરવી;
4. કાનૂની અથવા ન્યાયિક પ્રક્રિયા જરૂરી છે તેવા પગલાંઓ, જેમાં સમાવેશ થાય છે, પરંતુ મર્યાદિત નથી, મિલકત પર પૂર્વાધિકાર, વાસ્તવિક મિલકત પર ફોરક્લોઝર, બેન્ક એકાઉન્ટ કે વ્યક્તિગત મિલકતની ટાંચ કે જપ્તી, દીવાની પગલાં ભરવા, ધરપકડ કે બોડી એટેચમેન્ટની રિટ કે વેતન ઋણાનુબંધન).

**નાણાકીય સહાય**– ઇમરજન્સી અને તબીબી રીતે આવશ્યક અન્ય સંભાળ માટે ARMCની નાણાકીય સહાય નીતિ ("FAP") (#860)ને અનુરૂપ મફત કે રાહત દરે સંભાળ મેળવવા લાયક વ્યક્તિને ARMC દ્વારા આપવામાં આવતી સહાય.

<table>
<tr><td>અમલીઃ 1/1/16</td><td colspan="2">સમીક્ષા તારીખઃ</td><td>સુધારા તારીખઃ</td><td>સમીક્ષા ચક્રઃ વાર્ષિક</td></tr>
<tr><td colspan="2">માલિક AtlantiCare Board of Directors – Finance Committee</td><td>સ્રોતઃ NJ Public Law 1992, c.160 regarding charity care; NJ Public Law 2008, c.60; IRC Section 501 (r)</td><td colspan="2">અધિકૃત કરનારઃ AtlantiCare Board of Directors– Finance Committee - 9/28/2015</td></tr>
</table>

| નીતિ અને કાર્યપદ્ધતિ | | | |
|---|---|---|---|
| *વિષયઃ* બિલ અને વસૂલાત નીતિ | *શ્રેણીઃ* | | દર્દીના અધિકારો અને સંસ્થાકીય |
| *સુવિધાનો અવકાશઃ* ARMC સ્થળો: Mainland Campus, Pomona, NJ, Atlantic City Campus, Atlantic City, NJ, Health Plex Atlantic City, NJ, Cancer Center Institute, Egg Harbor Township, NJ, Cancer Center Institute, Cape May Courthouse, NJ, Wound Care, Egg Harbor Township, NJ, Wound Care, Hammonton, NJ, Adult Partial Care, Pomona, NJ, Child Partial Care, Egg Harbor Township, NJ, Satellite Emergency Department, Hammonton, NJ. | *વિભાગઃ* | | નાણા |

**થર્ડ પાર્ટી કવરેજ** – (i) થર્ડ-પાર્ટી વીમાકંપની, (ii) ERISA પ્લાન, (iii) ફેડરલ, સ્ટેટ કે સ્થાનિક સરકાર આરોગ્ય સંભાળ કાર્યક્રમ (તબીબી સંભાળ અને તબીબી સહાયની મર્યાદા વગર સહિત (iv) કામદારોનું વળતર, (v) તબીબી બચત ખાતા, અથવા (vi) બિલના કોઇ પણ ભાગનું અન્ય કવરેજ, વીમા દ્વારા કવર થયેલી થર્ડ પાર્ટી સામેના દાવાઓ સહિત કે જેમાં ARMC પ્રતિસ્થાપિત છે, પરંતુ માત્ર ત્યારે જ જ્યારે ચૂકવણી આવી વીમા કંપની દ્વારા ખરેખર કરવામાં આવી હોય.

કાર્યપદ્ધતિ:

બિલિંગ:

1. ARMC (ઇમરજન્સી સંભાળ સિવાયની) સંભાળ આપતા પહેલાં કે આપતી વખતે તબીબી સંભાળ માટે જાણીતી દર્દી જવાબદારી (સહ-ચૂકવણીઓ, સહ-વીમો અથવા કપાતપાત્ર સહિત પણ મર્યાદિત નહીં) માટે ચૂકવણીની વિનંતી કરશે.

2. ઇમરજન્સી સંભાળની બાબતમાં, ARMC સંભાળ આપ્યા બાદની તબીબી સંભાળ માટેની કોઇ પણ જાણીતી દર્દી જવાબદારી માટે ચૂકવણીની વિનંતી કરશે.

3. ARMC અગાઉ પૂરી પાડેલી સેવાઓના બાકી બિલને કારણે તબીબી રીતે આવશ્યક સંભાળમાં વિલંબ, ઇનકાર કરશે નહીં કે પૂર્વ-ચૂકવણી માંગશે નહીં.

4. જો દર્દીએ તબીબી સંભાળ પૂરી પાડવામાં આવી ત્યારે ARMCને ચૂકવણી નથી કરી તો, ARMC થર્ડ-પાર્ટી કવરેજ ચૂકવણીઓની પ્રાપ્તિ બાદ દર્દીને તેની અથવા તેણીની જવાબદારી માટે બિલ કરશે.

5. જો દર્દી નાણાકીય સહાય માટે લાયક હોય તો, ARMC થર્ડ-પાર્ટી કવરેજ કે જે દર્દી ચૂકવવા બંધાયેલો નથી ત્યાર બાદની બાકીની રકમ માંડવાળ કરશે.

6. ARMC દર્દીની જવાબદારીની પુષ્ટિ થયા બાદ તુરંત જ બાકી રહેતી રકમ માટે બિલ કરશે.

   a. હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદનું પ્રથમ પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટ 120 દિવસના સમયગાળાનો પ્રારંભ કરશે જે દરમિયાન ECA નહીં લઇ શકાય અને તે દરમિયાન દર્દીને દર્દી જવાબદારીના સંતોષ સુધી લઇ જવા માટે “વાજબી પ્રયાસો” કરવામાં આવશે.

આંતરિક પ્રક્રિયા:

| નીતિ અને કાર્યપદ્ધતિ | | | |
|---|---|---|---|
| *વિષયઃ*<br>બિલ અને વસૂલાત નીતિ | *શ્રેણીઃ* | દર્દીના અધિકારો અને સંસ્થાકીય | |
| *સુવિધાનો અવકાશઃ*<br>ARMC સ્થળો:<br>Mainland Campus, Pomona, NJ,<br>Atlantic City Campus, Atlantic City, NJ,<br>Health Plex Atlantic City, NJ,<br>Cancer Center Institute, Egg Harbor Township, NJ,<br>Cancer Center Institute, Cape May Courthouse, NJ,<br>Wound Care, Egg Harbor Township, NJ,<br>Wound Care, Hammonton, NJ,<br>Adult Partial Care, Pomona, NJ,<br>Child Partial Care, Egg Harbor Township, NJ,<br>Satellite Emergency Department, Hammonton, NJ. | *વિભાગઃ* | નાણા | |

1. જ્યારે એકાઉન્ટ બેલેન્સને દર્દી જવાબદારી ગણવામાં આવે અને તે દર્દી અને/અથવા ગેરન્ટરની જવાબદારી હોય તો બિલિંગ સિસ્ટમ એકાઉન્ટને સ્ટેટમેન્ટ મેઇલર માટે લાયક ઠેરવવામાં આવશે.

2. સ્ટેટમેન્ટ મેઇલર હોસ્પિટલનું બાકી લેણુ દર્શાવશે અને ચૂકવણી કરવા અને નાણાકીય સહાય માટે કેવી રીતે અરજી કરવી તે અંગે સૂચનાઓ પૂરી પાડશે.

3. ARMC દ્વારા માત્ર એક સ્ટેટમેન્ટ મોકલવામાં આવશે, વધારાના તમામ સ્ટેટમેન્ટ ARMCના પસંદગીના વેન્ડર્સ દ્વારા મોકલવામાં આવશે.

4. તમામ પેશન્ટ લાયેબિલિટી એકાઉન્ટ્સ દર્દીની જવાબદારીની પુષ્ટિ થાય તે દિવસથી જ પ્રિ-કલેક્ટ પ્રક્રિયા માટે લાયક છે.

પ્રિ-કલેક્ટ પ્રક્રિયા:

1. કોઇ બિનચુકવાયેલું પેશન્ટ લાયેબિલિટી એકાઉન્ટ કે જે પ્રિ-કલેક્ટ પ્રક્રિયા માટે લાયક છે તે નિર્ધારિત પ્રિ-કલેક્ટ એજન્સીને દૈનિક ધોરણે મોકલવામાં આવે છે.

2. પ્રિ-કલેક્ટ એજન્સી ઋણધારક સાથે વસૂલાત એજન્સી તરીકે નહીં પરંતુ ARMCના પ્રતિનિધિ તરીકે કામ કરે છે.

3. એકાઉન્ટ્સને ગેરન્ટરની અટકને અનુરૂપ આલ્ફા-સ્પ્લિટ દ્વારા પ્રિ-કલેક્ટ એજન્સી સમક્ષ મૂકવામાં આવે છે.

4. પ્રિ-કલેક્ટ એજન્સી એવા તમામ દર્દીઓને સહાય માટે ARMCના નાણાકીય પરામર્શ વિભાગને મોકલશે કે જેમણે દર્શાવ્યું છે કે તેઓ તેમની જવાબદારીઓ નાણાકીય રીતે સંતોષી શકે તેમ નથી.

5. દર્દીઓને ભરતી/નોંધણી વખતે નાણાકીય સહાયતા અંગે સાદી ભાષામાં સારાંશની એક નકલ આપવામાં આવશે.

6. જ્યાં સુધી નાણાકીય સહાય નક્કી ના થાય ત્યાં સુધી દર્દીઓ તેમની પેશન્ટ લાયેબિલિટી દર્શાવતા સ્ટેટમેન્ટ મેળવતા રહેશે. નક્કી થયા બાદ, તેમના એકાઉન્ટને બાદમાં દર્દીની નાણાકીય સહાય કાર્યક્રમ લાયકાતોને આધારે રાહત આપવામાં આવે છે.

AtlantiCare

| નીતિ અને કાર્યપદ્ધતિ | | | |
|---|---|---|---|
| *વિષયઃ* બિલ અને વસૂલાત નીતિ | *શ્રેણીઃ* | દર્દીના અધિકારો અને સંસ્થાકીય |
| *સુવિધાનો અવકાશઃ* ARMC સ્થળો: Mainland Campus, Pomona, NJ, Atlantic City Campus, Atlantic City, NJ, Health Plex Atlantic City, NJ, Cancer Center Institute, Egg Harbor Township, NJ, Cancer Center Institute, Cape May Courthouse, NJ, Wound Care, Egg Harbor Township, NJ, Wound Care, Hammonton, NJ, Adult Partial Care, Pomona, NJ, Child Partial Care, Egg Harbor Township, NJ, Satellite Emergency Department, Hammonton, NJ. | *વિભાગઃ* | નાણા |

7. જો કોઇ સવાલ હોય તો દર્દીઓને પ્રિ-કલેક્ટ એજન્સી દ્વારા (609) 272-2500 પર ARMCની બિઝનેસ ઑફિસ વેન્ડર મેનેજમેન્ટ ટીમનો સંપર્ક કરવા પણ સલાહ અપાય છે.

8. જો દર્દી કોઇ પણ નાણાકીય સહાય કાર્યક્રમ માટે અધૂરી નાણાકીય સહાય અરજી જમા કરાવે તો, હોસ્પિટલ અરજી કેવી રીતે પૂર્ણ કરવી તે અંગે દર્દીને માર્ગદર્શન આપશે.

    a. નાણાકીય સહાય અરજી પૂર્ણ થયા બાદ, દર્દી નાણાકીય સહાય માટે લાયક છે કે નહીં તે નક્કી કરવા માટે જરૂરી યોગ્ય દસ્તાવેજો રજૂ કરવા માટે દર્દીને પૂરતો સમય આપવામાં આવે છે.

    b. નાણાકીય સહાય મુલાકાત દરમિયાન દર્દીને એક ચેકલિસ્ટ આપવામાં આવે છે જે વધુ સહાય માટે કઇ વધારાની માહિતી કે દસ્તાવેજો જરૂરી છે તેની સંપર્ક માહિતી સાથે વિગતો આપે છે. આ ચેકલિસ્ટ મેઇલ પણ કરી શકાય છે.

9. જો દર્દી પ્રિ-કલેક્ટ એજન્સીને જાણ કરે કે તે નાણાકીય સહાય માટે મંજૂર થયેલો છે તો પ્રિ-કલેક્ટ એજન્સી યોગ્ય ક્લોઝર T- કોડનો ઉપયોગ કરીને એકાઉન્ટ પાછું ARMCને મોકલશે.
    a. ARMC બાદમાં કવરેજની ખરાઈ કરે છે અને ખરાઇ કરેલા કવરેજ મુજબ દર્દીની જવાબદારીની પ્રક્રિયા કરે છે.
    b. જો કોઇ કવરેજ ના જણાય તો, એકાઉન્ટ પ્રિ-કલેક્ટ પ્રક્રિયા માટે પાછું પ્રિ-કલેક્ટ એજન્સીને મોકલવામાં આવે છે.

10. જ્યારે દર્દીની નાણાકીય સહાય માટેની લાયકાતની ખરાઈ થાય છે ત્યારે ARMC દર્દી દ્વારા ચૂકવાયેલી દર્દીની જવાબદારી કરતાં વધારાની રકમને રિફંડ કરશે
11. એવું કોઇ પણ એકાઉન્ટ કે જે પ્રિ-કલેક્ટ એજન્સીને લાગે કે વસૂલાત થાય તેવું નથી અને ફર્સ્ટ પોસ્ટ-ડિસ્ચાર્જ પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટ બાદ 120 દિવસનો સમયગાળો પસાર થઇ ગયો હોય તો એકાઉન્ટ સાપ્તાહિક ધોરણે ARMCને પાછું મોકલવામાં આવે છે.

વસૂલાતની કાર્યપદ્ધતિ:

1. સંભાળ માટે આપવામાં આવેલા દર્દીના ફર્સ્ટ પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટ બાદ પ્રથમ 120 દિવસ દરમિયાન ARMC એકાઉન્ટને બેડ ડેટ કલેક્શન એજન્સીને નહીં મોકલે કે કોઇ ECA નહીં લે.

| નીતિ અને કાર્યપદ્ધતિ | | |
|---|---|---|
| *વિષય:* બિલ અને વસૂલાત નીતિ | *શ્રેણી:* | દર્દીના અધિકારો અને સંસ્થાકીય |
| *સુવિધાનો અવકાશ:* ARMC સ્થળો: Mainland Campus, Pomona, NJ, Atlantic City Campus, Atlantic City, NJ, Health Plex Atlantic City, NJ, Cancer Center Institute, Egg Harbor Township, NJ, Cancer Center Institute, Cape May Courthouse, NJ, Wound Care, Egg Harbor Township, NJ, Wound Care, Hammonton, NJ, Adult Partial Care, Pomona, NJ, Child Partial Care, Egg Harbor Township, NJ, Satellite Emergency Department, Hammonton, NJ. | *વિભાગ:* | નાણા |

2. ARMC નાણાકીય સહાય નીતિ (#860)માં નિર્ધારિત તમામ દર્દી સૂચના કાર્યવાહીનું પાલન કરશે.

3. જો ફર્સ્ટ પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટથી 120 બાદ હકારાત્મક દર્દી પ્રતિભાવ ના મળે તો, ARMC વણચૂકવાયેલા લેણાને બૅડ ડેટ તરીકે ગણશે.

4. ARMC બૅડ ડેટ એકાઉન્ટ્સને આ નીતિને અનુરૂપ વધારાના વસૂલાત પ્રયાસો માટે બૅડ ડેટ કલેક્શન એજન્સીને મોકલશે.

5. બૅડ ડેટ વર્ગીકરણ કે બૅડ ડેટ વસૂલાત એજન્સીને રેફરલ છતાં, દર્દી ARMCની નાણાકીય સહાય નીતિ (#860)માં નિર્ધારિત પ્રક્રિયાનો ઉપયોગ કરીને વધુ 120 દિવસમાં, ફર્સ્ટ પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટથી કુલ 240 દિવસના અરજી સમયગાળામાં નાણાકીય સહાય માટે અરજી કરી શકે છે.

6. FAP અરજી સમયગાળા દરમિયાન કોઇ પણ સમયે જો નક્કી કરવામાં આવે કે વ્યક્તિ નાણાકીય સહાય માટે લાયક છે તો ARMC વ્યક્તિને તેની લાયકાત માટે જાણ કરશે અને દર્દીએ તેની જવાબદારી કરતાં વધુ ચુકવેલા કોઇ પણ નાણા રિફંડ કરશે.

7. ARMC જેને બૅડ ડેટ મોકલે છે તે બૅડ ડેટ વસૂલાત એજન્સી સાથે લેખિતમાં કરાર કરશે. કરાર અંતર્ગત વસૂલાત એજન્સી નાણાકીય સહાય માટે લાયકાત નક્કી કરવા બાબતે તે સમાન કાર્યપદ્ધતિ અનુસરશે જે ARMCની નાણાકીય સહાય નીતિ અંતર્ગત ARMCને લાગુ પડે છે.

8. કરારમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

   a. અન્ય પાર્ટીને બૅડ ડેટના રેફરલ કે વેચાણ પર પ્રતિબંધ;
   b. વસૂલાત એજન્સી દ્વારા સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે કોઇ પણ ECA ભરવા પર પ્રતિબંધ;
   c. દેવાનું વેચાણ થાય ત્યારે Treas. Reg. § 6621(a)(2) અંતર્ગત અમલી દર (નોટિસ કે ઇન્ટર્નલ રેવન્યૂ બુલેટિનમાં પ્રકાશિત માર્ગદર્શન દ્વારા નક્કી કરાયેલા અન્ય વ્યાજ દર) કરતાં વધુ વ્યાજ ચાર્જ કરવા પર પ્રતિબંધ;
   d. વ્યક્તિ FAP માટે લાયક છે તેવું ARMC કે વસૂલાત એજન્સી દ્વારા નક્કી કરાયા બાદ ડેટ ARMC દ્વારા પાછું આપી શકાય કે પાછું ખેંચી શકાય તેવું છે;

e. જો વ્યક્તિ FAP-લાયક નક્કી થાય અને ડેટ ARMC દ્વારા પાછું લેવાયું કે ખેંચાયું નથી તો વસૂલાત એજન્સીએ કરારમાં નિર્ધારિત કરાયેલી કાર્યપદ્ધતિ અનુસરવાની રહે છે જે સુનિશ્ચિત કરે છે કે વ્યક્તિ નાણાકીય સહાય નીતિ અંતર્ગત FAP લાયક વ્યક્તિ તરીકે વ્યક્તિગત રીતે ચુકવવાની થતી જવાબદારી કરતાં વધુ રકમ કલેક્શન એજન્સી અને ARMCને ચુકવતી નથી.

9. ચીફ ફાઇનાન્સ ઓફિસર (CFO) કે VP, ફાઇનાન્સ પ્લાનિંગ દ્વારા તે અંતિમ નિર્ધારણ ના થાય કે વ્યક્તિ નાણાકીય સહાય માટે લાયક છે કે નહીં તે નક્કી કરવા માટે Treas. Reg. §1.501(r)-6 અંતર્ગત આવશ્યક "વાજબી પ્રયાસો" કરાયા છે કે નહીં ત્યાં સુધી કોઇ પણ ECA શરૂ કરવામાં આવશે નહીં

10. વાજબી પ્રયાસો માટે જરૂરી છે:

   a. ECA(s)ના ઇરાદાના ઓછામાં ઓછા 30 દિવસ અગાઉ લેખિત નોટિસ કે લાયક વ્યક્તિઓ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ છે, આ નોટિસમાં નીચેની બાબતો હશે:

      i. નાણાકીય સહાય- સાદી ભાષામાં સારાંશ
      ii. ચૂકણવી મેળવવા માટે ARMC (અથવા અન્ય અધિકૃત પક્ષકાર) જે પગલાં શરૂ કરવાનો ઇરાદો ધરાવે છે તે ECA(s)ની ઓળખ
      iii. ડેડલાઇનનો ઉલ્લેખ કે જેના પછી આવા ECA(s) શરૂ કરવામાં આવી શકે છે, જે લેખિત નોટિસ આપ્યાની તારીખ પછી 30 દિવસથી વહેલી નહીં હોય;

   b. ECA(s) શરૂ થાય તેના ઓછામાં ઓછા 30 દિવસ પૂર્વે વ્યક્તિને ARMCની નાણાકીય સહાય નીતિ અને વ્યક્તિ અરજી કરીને કેવી રીતે સહાય મેળવી શકે તે અંગે મૌખિક સૂચના આપવા માટે વાજબી પ્રયાસો.

11. સંભવનીય લાયકાતને આધારે વાજબી પ્રયાસો

   a. વ્યક્તિએ પૂરી પાડેલી સિવાયની અન્ય માહિતીને આધારે અથવા આગોતરા FAP-લાયકાત નિર્ધારણને આધારે જો ARMC નક્કી કરે કે વ્યક્તિ FAP-લાયક છે તો તેણે વાજબી પગલાં ભરેલા છે તેમ માનવામાં આવશે;

b. જો વ્યક્તિ FAP હેઠળ ઉપલબ્ધ સૌથી ઉદાર સહાય કરતાં ઓછા માટે લાયક છે તેવું સંભવનીય રીતે નક્કી થાય તો ARCM નીચેની બાબતો કરશે

i. સંભવનીય FAP-લાયકાત નિર્ધારણના આધાર અને FAP અંતર્ગત ઉપલબ્ધ વધુ ઉદાર સહાય માટે અરજી કરવા માટેના રસ્તા અંગે વ્યક્તિને સૂચિત કરે છે;

ii. સંભાળ માટે દેવાની રાહત દરે રકમ મેળવવા માટે ECA(s) શરૂ કરતાં પહેલાં વધુ ઉદાર સહાય મેળવવા માટે અરજી કરવા માટે વ્યક્તિને વાજબી સમયગાળો આપે છે;

iii. જો વ્યક્તિ 240 દિવસના અરજી સમયગાળા દરમિયાન વધુ ઉદાર સહાય માટે લાયક થતી પૂર્ણ કરેલી FAP અરજી જમા કરાવે છે તો એટલાન્ટિકેર હેલ્થ સિસ્ટમ દર્દીને તેમની સંભાળ માટે દેવાની રાહત દરે રકમ અંગે સૂચિત કરશે.

12. પૂર્ણ કરેલી નાણાકીય સહાય અરજી જમા કરવામાં આવે ત્યારે:

a. પૂર્ણ થયેલી અરજી મળતા ARMC કોઇ પણ ECAs રદ કરશે;

b. વ્યક્તિને FAP નિર્ધારણ અને નિર્ધારણના આધારો અંગે લેખિતમાં સૂચિત કરશે;

c. જો વ્યક્તિ મફત સંભાળ કરતાં ઓછા માટે FAP-લાયક હોય તો નીચેની બાબતો થશે:

i. પેશન્ટ લાયેબિલિટી સ્ટેટમેન્ટ આપવામાં આવશે જેમાં કેટલી રકમ ઉધાર છે અને રકમ કેવી રીતે નક્કી કરવામાં આવી હતી અને એમાઉન્ટ જનરલી બિલ્ડ ("AGB")ને લગતી વધુ માહિતી ક્યાંથી મળે છે તેનો ઉલ્લેખ થયેલો હોય છે;

ii. FAP- નિર્ધારિત કરતાં વધુ ચુકવાયેલી કોઇ પણ રકમ માટે રિફંડ આપવામાં આવશે;

iii. કોઇ પણ ECA પાછા ખેંચવા વાજબી ઉપલબ્ધ પગલાં લેશે.

d. પૂર્ણ FAP અરજી મળ્યા બાદ ARMCને જો લાગે કે વ્યક્તિ કદાચ મેડિકેઈડ માટે લાયક છે તો ARMC જ્યાં સુધી વ્યક્તિની મેડિકેઈડ અરજી પૂર્ણ ના થાય અને મેડિકેઈડ લાયકાત નિર્ધારણ ના થાય ત્યાં સુધી FAP-લાયકાત નિર્ધારણ મુલતવી રાખી શકે છે.

13. અપૂર્ણ નાણાકીય સહાય અરજી જમા કરવામાં આવે ત્યારે:

a. જો વ્યક્તિ અરજી સમયગાળા દરમિયાન અધૂરી FAP અરજી જમા કરાવે છે તો ARMC નીચે મુજબની સુવિધા પૂરી પાડીને વ્યક્તિને આવી અરજી પૂર્ણ કરવા માટે વાજબી તક પૂરી પાડશે:

   i. સંભાળ માટે ચૂકવણી મેળવવા માટે કોઇ પણ ECAs કરશે;
   ii. વ્યક્તિને લેખિત નોટિસ પૂરી પાડશે જેમાં વધારાની માહિતી અને/અથવા FAP અંતર્ગત જરૂરી દસ્તાવેજો અથવા FAP અરજીપત્ર કે જે અરજી પૂર્ણ કરવા માટે પૂર્ણ કરવું જરૂરી છે તેનું વર્ણન કરે છે અને તેમાં FAP અંગે માહિતી આપી શકે તેવી કચેરી/વિભાગના ટેલિફોન નંબર અને ભૌતિક સ્થળનો સમાવેશ થાય છે, જો તે અલગ હોય તો, અરજી પ્રક્રિયામાં સહાય પૂરી પાડી શકે તેવી કચેરીની સંપર્ક માહિતી.

b. “વાજબી પ્રયાસો” માટેની જરૂરિયાત સંતોષાઇ છે તેવું નક્કી થયા બાદ ARMC ECAsમાં સામેલ થઇ શકે છે, ARMCના ચીફ ફાઇનાન્સિયલ ઓફિસર અથવા VP, ફાઇનાન્સિંગ પ્લાનિંગ દ્વારા અધિકૃત હદ સુધી.